૨૧-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ “બાપદાદા” મધુબન

**“મીઠાં બાળકો - તમે સર્વ મનુષ્ય માત્ર નાં કલ્યાણકારી છો, તમારે અનેકોનું કલ્યાણ કરવાનું છે, અશરીરી બનવાનાં અભ્યાસ ની સાથે-સાથે સર્વિસ (સેવા) પણ જરુર કરવાની છે”**

**પ્રશ્ન :-** કઈ એક વાત માં બાપ પણ ડ્રામા ની ભાવી કહી ચૂપ થઈ જાય છે?

**ઉત્તર :-** બાળકો, જે ઘણાં સમય સુધી બાપની પાલના લઈ પછી માયા નાં વશ થઈ જાય છે. લગ્ન કરી ક્યાંક ને ક્યાંક ચાલ્યાં જાય છે. આશ્ચર્યવત ભાગન્તી થઈ જાય છે તો બાપ ડ્રામા ની ભાવી કહી ચૂપ થઈ જાય છે. બાપ જાણે છે આ પણ યજ્ઞ માં વિઘ્ન પડે છે. બાપ ને ઓના (ચિંતા) રહે છે બાળકો, ક્યાંક કોઈનાં નામ-રુપમાં ન ફસાઈ જાય. માયા ખૂબ વિઘ્ન નાખે છે એટલે બાબા સલાહ આપે છે બાળકો, તમારે માયા થી ડરવાનું નથી. બાપની યાદ થી વિજયી બનવાનું છે.

**ઓમ્ શાંતિ!** મીઠાં-મીઠાં બાળકો જાણે છે કે અમે બાપ અને દાદાની સામે બેઠા છીએ. દરેક વાત નવી છે અને યાદ કરવાનાં છે શ્રીમત પર એક જ બાપને. બાપ શ્રીમત આપે છે દાદા નાં તન દ્વારા. વારંવાર બાળકોને સાવધાની મળે છે કે મનમનાભવ અર્થાત્ બાપ ને યાદ કરો. આ દાદા ને યાદ નથી કરવાનાં. દાદા નો આત્મા પણ બાપ ને યાદ કરે છે તો તમારે પણ યાદ કરવાનાં છે. આપ આત્મા અશરીરી છો, હું પણ અશરીરી છું ફક્ત તમને આ તન દ્વારા ભણાવું છું. આ કોઈ સર્વશક્તિમાન્ નથી. સર્વશક્તિમાન્ એક જ બાપ છે. ભલે તમે વિશ્વ નાં માલિક બનો છો પરંતુ તમને સર્વશક્તિમાન્ નહીં કહેશે. સર્વશક્તિમાન્ દ્વારા તમે રાવણ પર જીત મેળવીને ફરીથી પોતાનું રાજ્ય પદ લો છો. બાપનું ફરમાન (આજ્ઞા) છે કે મને પોતાનાં બાપને યાદ કરો. તમે ઝાડનાં આદિ-મધ્ય-અંત નું રહસ્ય સમજી ગયાં છો. હમણાં તમે કેટલાં સમજદાર બનો છો અર્થાત્ બુદ્ધિમાં જ્ઞાન છે. આ જ્ઞાન થી તમને ખૂબ ઊંચ પદ મળે છે. નર થી નારાયણ બનો છો. આ રાજયોગ નું ભણતર છે. કલ્પ પહેલાં પણ તમે આ ભણતર ભણ્યું છે. લક્ષ-હેતુ સામે છે પછી જે જેટલો પુરુષાર્થ કરે. પુરુષાર્થ ખૂબ કરવો જોઈએ અને છે પણ ખૂબ સહજ. પોતાનાં ઘરને જાણવું આ કોઈ મુશ્કેલ નથી. આપણે આત્મા અશરીરી છીએ. શાંતિધામ માં રહીએ છીએ. ત્યાં મનની શાંતિ વગેરે નહીં કહીશું, મનની શાંતિ, હકીકત માં આ શબ્દ કહેવો પણ ખોટું છે. મન તો ઘોડો છે. જ્યાં સુધી શરીર છે, આત્માની સાથે, તો મન શાંત થઈ ન શકે. કર્મ તો કરવાનું જ છે. અલ્પકાળ ની શાંતિ તો રાત્રે નીંદર માં થાય છે. આત્મા કર્મેન્દ્રિયો થી કામ કરતા-કરતા થાકી જાય છે તો અશરીરી થઈ જાય છે. આત્મા કહે છે મને નીંદર આવે છે. હું થાકી ગયો છું. તો આત્મા અશરીરી થઈ જાય છે. હવે બાપ ને યાદ કરવાનાં છે તો વિકર્મ વિનાશ થશે. સુઈ જવાથી કોઈ વિકર્મ વિનાશ નહીં થાય. આ તો બાપને યાદ કરવાનો પુરુષાર્થ કરવાનો છે, જે પુરુષાર્થ ખૂબ જરુરી છે. ઘડી-ઘડી બાપ કહે છે મને યાદ કરો. જેટલી જે સર્વિસ કરશે, પોતાની જ પ્રજા બનાવશે. અસંખ્ય ની અસંખ્ય પ્રજા બનવાની છે, અનેકોનાં કલ્યાણકારી બનવાનું છે. તમે મનુષ્ય માત્ર નાં કલ્યાણકારી છો. રાવણ રાજ્ય માં કોઈ પણ કોઈનું કલ્યાણ નથી કરતાં. મનુષ્ય જ્યારે દાન-પુણ્ય કરે છે, સમજે છે અમે સારું કર્મ કરીએ છીએ. જેમકે તમે કહો છો આ લડાઈ થી વૈકુંઠ નાં દ્વાર ખુલે છે. આ ખૂબ સારી લડાઈ છે. આપ બ્રાહ્મણ હમણાં જ્ઞાની તૂ આત્મા બન્યાં છો. જેનામાં ૫ વિકાર પ્રવેશ છે તે દેવતા કેવી રીતે બની શકે. નર થી નારાયણ બનવા માટે સારી મહેનત જોઈએ. બેહદ નો પુરુષાર્થ કરવાનો છે. એવું ઊંચ પદ બાપ સિવાય કોઈ પ્રાપ્ત કરાવી ન શકે. કોઈ રાજયોગ શિખવાડી ન શકે. તમે લક્ષ્મી-નારાયણ ની બાયોગ્રાફી (જીવનકહાણી) ને પણ જાણો છો. એમણે આ રાજ્ય કેવી રીતે લીધું? ક્યાંથી લીધું? કોને જીત્યા?

તમે બધાંને સમજાવો છો - કે હમણાં રાજયોગ શિખીને અમે લક્ષ્મી-નારાયણ જેવાં બની રહ્યાં છીએ. સ્વયં ભગવાન નર થી નારાયણ બનવાનું ભણતર ભણાવે છે. તો તમને બાળકોને ખૂબ નશો હોવો જોઈએ.
બાપે સમજાવ્યું છે - આ બ્રાહ્મણ ધર્મ પરમપિતા પરમાત્મા જ સ્થાપન કરે છે. હવે બ્રાહ્મણ ધર્મ ક્યાં હોય છે? શું સતયુગ માં? ના. જરુર અહીંયા હશે. પ્રજાપિતા પણ અહીં થયાં. બાપે બ્રાહ્મણ ધર્મ સ્થાપન કર્યો અને બ્રહ્મા મુખ વંશાવલી રચી. સ્વયં કહે છે હું અનેક જન્મો નાં અંતનાં સાધારણ મનુષ્ય તન માં પ્રવેશ કરું છું. તે પોતાનાં જન્મો ને નથી જાણતાં. કહે છે બ્રહ્મા ને અહીં કેમ રાખ્યાં છે? અરે પ્રજાપિતા તો અહીં હોવા જોઈએ. સમજે છે સૂક્ષ્મ વતનવાસી દેવતા અહીં કેવી રીતે હોય શકે છે! પ્રજાપિતા બ્રહ્મા નાં ૮૪ જન્મોનું રહસ્ય બાપ બેસી સમજાવે છે. આ છે અંતિમ જન્મ, આમાં જ આવવું પડશે. જે આદિમાં છે તે અંતમાં થશે. આ બધાં રહસ્ય બાપ જ સમજાવે છે. આ ચિત્ર પણ શિવબાબાએ દિવ્ય દૃષ્ટિ થી બનાવડાવ્યાં છે. બાબાએ ડાયરેક્શન (માર્ગદર્શન) આપ્યું કે કલ્પ ૫ હજાર વર્ષનું છે - આ સિધ્ધ કરી બતાવવાનું છે. આ સ્વર્ગ-નર્ક નાં ચિત્ર બાબાએ બનાવડાવ્યાં છે. ગીતામાં આ થોડી લખેલું છે કે પરમપિતા પરમાત્માએ ભણાવ્યું છે. જુઓ સમજાવવામાં કેટલી મહેનત લાગે છે. દિવસે-દિવસે સમજણ મળતી રહે છે. જે કલ્પ પહેલાં જે સમયે સમજાવ્યું, એ સમયે હજું પણ સમજાવે છે. મુજ આત્મા માં જે પાર્ટ નોંધાયેલો છે, તે રિપીટ (પુનરાવર્તિત) થાય છે. આ તો તમે સમજો છો કે આ પતિત દુનિયા છે. બધાંનો અંતિમ જન્મ છે. હવે નાટક પૂરું થાય છે. નહીં તો સતયુગ થી દૈવી ધર્મ કેવી રીતે સ્થાપન થશે. સતયુગમાં છે એક અદ્વૈત દેવી-દેવતા ધર્મ. આ સમયે તમારો છે બ્રાહ્મણ ધર્મ. વિરાટ રુપનું રહસ્ય પણ સમજાવાય છે. બ્રાહ્મણ એટલે ચોટી, પછી બ્રાહ્મણ જ દેવતા બને છે. મનુષ્યોને આ ખબર જ નથી કે શિવબાબા બ્રાહ્મણ ધર્મ રચે છે. હવે તમે ટ્રાન્સફર (પરિવર્તન) થાઓ છો. શુદ્ર થી બ્રાહ્મણ, નીચે થી આકાશ માં ચાલ્યાં જાઓ છો. આત્માઓ ને હવે ઘરે જવાનું છે.
મનુષ્ય દેવીઓનાં મંદિરમાં જાય છે તો એ નથી જાણતાં કે જગત અંબા કોણ છે? એ પણ બ્રાહ્મણી છે. તમે પણ બ્રાહ્મણીઓ છો. જગત અંબા અને જગત પિતા પણ છે, જે જેનાં પુજારી હશે એનું મંદિર બનાવશે. જ્ઞાન કાંઈ પણ નથી કે જગત અંબા કોણ છે. એ છે જ્ઞાન જ્ઞાનેશ્વરી, જે પછી રાજ-રાજેશ્વરી બને છે. દેવીઓની ખૂબ પૂજા થાય છે. સતયુગ માં છે લક્ષ્મી-નારાયણ, ત્રેતા માં છે રામ-સીતા. બાકી બધાં આ સમય નાં ચિત્ર છે. અનેક ચિત્ર છે, અનેક મંદિર બનાવ્યાં છે. તમે જાણો છો બ્રહ્મા સરસ્વતી બ્રાહ્મણ અને બ્રાહ્મણીઓ છે. લક્ષ્મીને બ્રાહ્મણી નહીં કહેવાશે, એ દેવતા છે. જ્યારે બ્રાહ્મણી છે તો બધી મનોકામનાઓ પૂર્ણ કરે છે - ૨૧ જન્મોનાં માટે. જ્યારે લક્ષ્મી બને છે તો ગ્રેડ ઓછો થઈ જાય છે. હમણાં તમે ઈશ્વરનાં સંતાન છો. તમારો ગ્રેડ ઊંચો છે. આ વાતો ને કોઈ મનુષ્ય નથી સમજી શકતાં. તમે છો બ્રાહ્મણ કુળ ભૂષણ. હમણાં તમે ઈશ્વરનાં બન્યાં છો પછી દેવતા કુળમાં જશો. આ સંગમયુગ કલ્યાણકારી છે. બાપ ભારત ને સ્વર્ગ બનાવે છે. ભારત જ પ્રાચીન સ્વર્ગ હતું, પરંતુ કોઈની બુદ્ધિમાં નથી બેસતું. ભારતવાસીઓને ખબર પડે તો ખુશ થઈ જાય કે અમે સ્વર્ગ નાં માલિક હતાં. કોઈ મરે છે તો કહે છે સ્વર્ગ ગયાં. હેવનલી ગોડ ફાધર જ હેવન (સ્વર્ગ) બનાવે છે. મૂળવતન તો છે જ. એનાં માટે સ્થાપના અક્ષર નહીં આવે. સ્થાપના ધર્મ ની થાય છે. તે આત્માઓનું ઘર છે જે આ સમયે ખાલી થાય છે, પછી નંબરવાર બધાં જશે. આ બાળકોની બુદ્ધિમાં બેસાડવાનું છે બીજાઓને સમજાવવા માટે. ધર્મસ્થાપન અર્થ જે પણ આત્માઓ આવે છે તે પછી સતો, રજો, તમો માં આવે છે. તમારે હવે ઉપર જવાનું છે. તમારી ચઢતી કળા છે. તમે રુહાની બ્રાહ્મણ મુખ વંશાવલી છો. તે છે કુખ વંશાવલી, શરીરધારી બ્રાહ્મણ. તેઓ

શારીરિક તીર્થ કરાવે છે, કથા સંભળાવે છે. આપ બ્રાહ્મણ સૃષ્ટિ નાં આદિ-મધ્ય-અંત નું રહસ્ય સમજાવવા વાળા છો. શરીરધારી બ્રાહ્મણ પણ અહીં આવે છે - એમને જ્યારે ખબર પડે છે કે સાચ્ચા બ્રાહ્મણ બરાબર આ છે ત્યારે સમજે છે અમે બરાબર ખોટી કથાઓ સાંભળાવીએ છીએ. એમનાં કચ્છમાં (સાથે) છે કુરમ, તમારી બુદ્ધિમાં છે જ્ઞાન. તેઓ શાસ્ત્ર વાંચીને સંભળાવે છે અને તમારી બુદ્ધિ માં જ્ઞાન છે, જેમ બાબાની બુદ્ધિમાં છે. બાબા સત્, ચિત, આનંદ સ્વરુપ, બીજરુપ છે અને છે પણ નિરાકાર. તમારે પણ બુદ્ધિમાં જ્ઞાન ધારણ કરવાનું છે. જ્ઞાન મુશ્કેલ નથી, ફક્ત ધ્યાન આપવાનું છે. એવું પણ નથી કોઈ ઘરબાર છોડવાનું છે. આ તો કારણ બની જાય છે. સમજો દિકરી લગ્ન કરવા નથી ઈચ્છતી, બાપ મારે છે. પરંતુ નાની છે ભાગી નથી શકતી. બાલિક છે તો આવીને શરણ લે છે. ગાય છે શરણ પડી મેં તેરે કારણ કે રાવણ રાજ્ય માં ખૂબ દુઃખી છે. પછી બાપ પાસે થી વારસો મેળવે છે. સમજો કોઈને પતિ ખૂબ મારે છે, સમજે છે એનાં કરતાં જઈને બાબાની શરણ લઉં. પરંતુ ઘરબાર છોડવું માસીનું ઘર નથી. મહેનત લાગે છે સંન્યાસી ભલે સંન્યાસ કરે છે પરંતુ મિત્ર-સંબંધી કોઈ ભૂલાતા નથી. કોઈ પાછા આવી પણ જાય છે, મહેનત છે. બ્રહ્મ તત્વ સાથે યોગ જલ્દી નથી લાગતો. અહીં તમે જાણો છો જૂની દુનિયા અને જૂનાં સંબંધ છે. દેહ સહિત બધુંજ છોડવાનું છે, એટલે તમને આ જૂની દુનિયાથી વૈરાગ્ય આવે છે. જૂનાં શરીર થી પણ તમને વૈરાગ્ય છે. આ છે બેહદ નો વૈરાગ્ય. એમનો છે હદ નો રજોગુણી વૈરાગ્ય. આ છે બેહદ નો સતોપ્રધાન વૈરાગ્ય. દુનિયાને નથી છોડતાં. તમે પુરુષાર્થ કરી રહ્યાં છો જૂની દુનિયાથી નવી દુનિયામાં જવા માટે. તેઓ થોડી એવું સમજે છે કે નવી દુનિયામાં જઈને સુખ ભોગવવાનું છે. આ સુખ તમારા માટે છે. એમનો છે રજોપ્રધાન સંન્યાસ. તમારો છે સતોપ્રધાન સંન્યાસ. બાળકોએ સતોપ્રધાન બનવાનું છે. યોગ થી ખાદ ભસ્મ થઈ જશે એટલે આને યોગ અગ્નિ કહેવાય છે. યાદ અગ્નિ આ અક્ષર શોભતો નથી. યોગ અગ્નિ કહેવાય છે, જેનાંથી વિકર્મ ભસ્મ થશે. છે ખૂબ સહજ વાત. પરંતુ ઘડી-ઘડી કહે છે બાબા અમે ભૂલી જઈએ છીએ. બાપ કહે છે - બાળકો દેહી-અભિમાની બનો. સતયુગ થી ત્રેતા સુધી તમે સોલ કોન્શિયસ (આત્મ અભિમાની) રહો છો. તમે અડધોકલ્પ સોલ કોન્શિયસ, અડધોકલ્પ બોડી કોન્શિયસ (દેહ અભિમાની) બનો છો. તો હવે આત્મ-અભિમાની બનવામાં મહેનત લાગે છે. સતયુગ માં સમજે છે અમે એક શરીર છોડી બીજું લઈએ છીએ સાપનું દૃષ્ટાંત.... આ દૃષ્ટાંત તમારા માટે છે. સંન્યાસી જ્યોતિ જ્યોત માં સમાવા ઈચ્છે છે. તેઓ આ નથી જાણતાં કે અમારે ફરી આવીને નવો ચોલો લેવાનો (નવું શરીર લેવાનું) છે. તમે જાણો છો આ વૃધ્ધ શરીર છોડી જઈને નવું લઈશું. જૂનાં કપડા (શરીર) ને છોડવાનું દિલ (મન) થાય છે. કાચબા નું દૃષ્ટાંત પણ તમારા માટે છે. કર્મ કરતા બાપ ને યાદ કરતાં રહો. બાપ જ સદ્ગતિ દાતા છે. સદ્ગતિ દાતા એક શિવબાબા બીજું ન કોઈ. તમે સર્વ આત્માઓ શિવબાબા નાં બાળકો પછી પ્રજાપિતા બ્રહ્મા નાં પણ સંતાન છો. પહેલાં છે બ્રાહ્મણ પછી ઝાડ ની વૃધ્ધિ થાય છે. આ વેરાઈટી (વિવિધ) ધર્મોનું ઝાડ છે. પહેલાં દેવી-દેવતા ધર્મ પછી ઈસ્લામી, બૌદ્ધી પછી ખુબ વૃધ્ધિ થતી રહે છે. ડાળીઓ નીકળતી રહે છે. જ્યારે નવાં નીકળે છે તો એમની મહિમા થાય છે. પાછળ તાકાત ઓછી થતી જાય છે. તમે છો ખૂબ વધારે તાકાત વાળા, જે વિશ્વનાં માલિક બનો છો. ત્યાં કોઈ મિનિસ્ટર (મંત્રી) વગેરે નથી હોતાં. રાજા નો હુકમ ચાલે છે. દ્વાપર થી વજીર હોય છે. હમણાં તો રાજા-રાણી નથી. આ પણ ડ્રામા બન્યો-બનેલ (પૂર્વ નિર્ધારિત) છે. ભારત સ્વર્ગ હતું, હમણાં નર્ક છે. નર્ક પણ પહેલાં સતોપ્રધાન પછી હમણાં નર્ક પણ તમોપ્રધાન છે, જેને રૌરવ નર્ક કહેવાય છે. બાપ કહે છે - મારે કેટલી મહેનત કરવી પડે છે. કેટલો ચિંતા રહે છે, ક્યાંય કોઈ બાળકીઓ ગુંડાનાં હાથમાં ન આવી જાય. દુનિયા ખૂબ ગંદી છે. સેન્ટર

(સેવાકેન્દ્ર) પર ગંદા લોકો આવી જાય છે. નામ-રુપમાં ફસાઈ પડે છે. યજ્ઞ માં અનેક પ્રકારનાં વિઘ્ન પણ પડે છે. માયા પણ વિઘ્ન નાખે છે. પછી ઘણાં ઘુટકા ખાય (હલચલ માં આવે) છે. છતાં પણ બાપ ને યાદ કરવા પડે. યુદ્ધનાં મેદાન માં ઉભા થઈને લડવાનું છે. ડરવાનું નથી. ફારકતિ ઘણાં આપી દે છે. કેટલાં વર્ષ રહી પાલના લીધી, પછી લગ્ન કરી ક્યાંક ને ક્યાંક ચાલ્યાં ગયાં. આશ્ચર્યવત ભાગન્તી થઈ જાય છતાં પણ ડ્રામા ની ભાવી કહી ચૂપ થઈ જાય છે. સર્વિસ માં રહેવાવાળા ને ખુશી ખૂબ વધારે રહે છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપનાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) બાપની શરણ માં આવવા માટે બુદ્ધિ થી બેહદનો સંન્યાસ કરવાનો છે. જૂની દુનિયા અને દેહ ને ભૂલી આત્મ-અભિમાની રહેવાની મહેનત કરવાની છે.

2) આપણે બ્રાહ્મણ સર્વની મનોકામનાઓ પૂર્ણ કરવા વાળા છીએ - આ નશા માં રહેવાનું છે.

**વરદાન :- પોતાની શ્રેષ્ઠ દૃષ્ટિ, વૃત્તિ, કૃતિ થી સેવા કરવા વાળા નિરંતર સેવાધારી ભવ**

જેમ આ શરીર શ્વાસ વગર નથી રહી શકતું એમ બ્રાહ્મણ જીવનનો શ્વાંસ છે સેવા. જેવી રીતે શ્વાંસ ન ચાલે તો મૂર્છિત થઇ જાય છે એવી રીતે જો બ્રાહ્મણ આત્મા સેવામાં બીઝી (વ્યસ્ત) નથી તો મૂર્છિત થઈ જાય છે એટલે દરેક સમયે પોતાની શ્રેષ્ઠ દૃષ્ટિ થી, વૃતિ થી, કૃતિ થી સેવા કરતાં રહો. વાણી થી સેવાનો ચાન્સ (મોકો) નથી મળતો તો મન્સા સેવા કરો. જ્યારે બધાં પ્રકારની સેવા કરશો ત્યારે ફુલમાર્ક્સ લઈ શકશો.

**સ્લોગન :-** સાક્ષીપણા ની સ્થિતિ નું તખ્ત જ યથાર્થ નિર્ણય નું તખ્ત છે.